# બી.એડ્.-મોડો પ્રવેશ, મોટું નુકશાન

કોઈપણ સમાજના વિકાસનો આધાર જે તે સમાજમાં અપાતાં શિક્ષણ પર છે. સાથે તેટલું જ મહત્ત્વનું પરિબળ તે શિક્ષણ આપતા શિક્ષકો છે. સરકાર સમય અને પરિસ્થિતિને ધ્યાનમાં રાખી શિક્ષણની નીતિ અને શિક્ષણના ઉદ્દેશો નક્કી કરીને તે મુજબ અભ્યાસક્રમ અને પાઠયક્રમ તૈયાર કરે છે. આ પાઠયક્રમ દ્વારા શિક્ષકો બાળકના સર્વાંગી વિકાસ સાથે રાજ્ય અને દેશનો વિકાસ કરે છે. આટલું મહત્ત્વનું કાર્ય શિક્ષકો ત્યારે જ પૂર્ણ કરી શકે જ્યારે તેઓ યોગ્ય રીતે ઘડાયા હોય, તૈયાર થયા હોય. શિક્ષકોને યોગ્ય રીતે તૈયાર કરવા-ઘડવા માટે જ પી.ટી.સી. અને બી.એડ્. કોલેજો શરૂ કરવામાં આવેલ છે. સરકાર બી.એડ્. કોલેજમાં એક શિક્ષક તૈયાર કરવા માટે એક વર્ષનો કેટલો ખર્ચ કરે છે તે કદાચ મોટાભાગના વાચકોના વિચારની બહાર હશે. એક અનુમાન મુજબ એક તાલીમાર્થીદીઠ દર વર્ષે રોકડા રૂપિયા ૮૦,૦૦૦ આસપાસ થાય છે. ભૌતિક શૈક્ષણિક સામગ્રી અને મકાન માટે રોકાણ કરેલ મૂડીનું વ્યાજ કે ખર્ચ જુદો ! ત્યારે સમજી શકાય કે શિક્ષક બનવા માટે આવેલ દરેક તાલીમાર્થીને યોગ્ય રીતે, યોગ્ય પ્રમાણમાં સારામાં સારી તાલીમ મળે તો જ સમાજ અને દેશની જરૂરિયાત પૂર્ણ થાય અને રોકાણ કરેલ પૈસાનું વળતળ મળે. ત્યારે પ્રશ્ન થાય છે કે, શું બી.એડ્. અને પી.ટી.સી. કોલેજમાં અપાતી તાલીમ પૂર્ણ શિક્ષકનું સર્જન કરી શકે તેમ છે ? ત્યારે દુ:ખ સાથે કહેવું પડશે કે, જી ના. અત્યારે અપાતી તાલીમ લઇને બહાર પડતા દરેક તાલીમાર્થી સારા શિક્ષક બનશે તેની કોઇ ખાતરી નથી કે નથી તેની કોઇ ગેરંટી. આ માટે ઘણાં કારણો છે, પરંતુ તેમાનું મોટું અને બંધ આંખે દેખાય તેવું કારણ છે, કોલેજમાં મોડો પ્રવેશ.

પ્રવેશ લીધાબાદ માંડ છ મહીના માટે તાલીમ મેળવતો વિદ્યાર્થી કેવી રીતે પાકો શિક્ષક બની શકે?. બી.એડ્. કોલેજ શું છ માસ જ ચાલે છે ? તેનો જવાબ જાણીએ. તમે આ લેખ વાંચતા હશો ત્યાં સુધી હજુ તો બી.એડ્.કોલેજની પ્રવેશ પ્રક્રિયા પૂરી પણ થઇ નથી. કેટલીક યુનિવર્સિટી-કોલેજોમાં હજુ તો સપ્ટેમ્બરમાં પ્રવેશ ચાલુ રહેશે અને રામ જાણે ક્યારે પૂર્ણ થશે. માની લઇએ કે સપ્ટેમ્બર માસમાં પ્રવેશ આપી દીધો. હવે વિચારો કે સપ્ટેમ્બર અને ઓક્ટોબર બે માસ અભ્યાસ કરશે ત્યાં નવેમ્બર આવશે અને દીવાળી વેકેશન પડશે. પહેલું સત્ર બે માસમાં પૂર્ણ. હા....માત્ર બે માસમાં પ્રથમ સેમેસ્ટર પૂર્ણ, તેની યુનિવર્સિટી પરીક્ષા પણ લેશે. હા.. કેટલાક વિદ્યાર્થીઓએ ઓગસ્ટ માસથી અભ્યાસ શરૂ કરી દીધો છે. તેઓનું સત્ર ત્રણ માસ ચાલશે ! જેમાં આવતી રજાઓ, પરીક્ષાના દિવસો બાદ કરો અને હવે વિચારો કે આ તાલીમાર્થીઓ કેટલા દિવસની તાલીમ લે છે ? આ તો વાત કરી ગ્રાન્ટેડ કોલેજોની. સેલ્ફફાયનાન્સમાં તો પ્રવેશ પ્રક્રીયા હજુ લાંબો સમય ચાલશે.બીજું સત્ર ડિસેમ્બરથી શરૂ થશે અને એપ્રિલ માસમાં તો પરીક્ષાઓ શરૂ થશે. પી.ટી.સી. માટે પણ આવું જ કહી શકાય. કારણ કે, ત્યાં પણ પ્રવેશ પ્રક્રિયા મોડી જ પૂરી થાય છે.

મિત્રો, દુ:ખ એ વાતનું છે કે, આપણે સૌ, યુનિવર્સિટી અને સરકાર કેવા શિક્ષકો બનાવવા માંગીએ છીએ? વિદ્યાર્થીઓને તો ડિગ્રીમાં રસ છે એટલે તેઓ તો જ્યારે પ્રવેશ આપશો ત્યારે લશે જ અને આપણે આપીશું પણ ખરા ? આ તાલીમાર્થીઓ ક્યારે શિક્ષણની ફિલસૂફી ભણશે ? બાળકોનું મનોવિજ્ઞાન ક્યારે જાણશે ? શિક્ષણની પદ્ધતિતઓ અને પ્રયુકિતઓ ક્યારે જાણીને તાલીમ મેળવશે ? આમ કરતાં આપણે સાવ બોદા શિક્ષકો જ પેદા કરીશું અને પછી કહીશું કે આજના શિક્ષકો સારી રીતે ભણાવતા નથી કે સારું શૈક્ષણિક કાર્ય કરતાં આવડતું નથી. ક્યાંથી આવડે? તેમને તાલીમ જ ક્યાં મળી છે, તેઓ તો માત્ર ડિગ્રી ધરાવતા શિક્ષકો બહાર પડયા છે. અંતે શિક્ષકની ભરતી માટે લેવાતી ટેટ અને ટાટ પરીક્ષાના પરીણામ ખૂબ જ નીચા આવવા લાગ્યા છે. તેનું એક કારણ અપૂરતી તાલીમ હોઇ શકે. જો સમાજ, સરકાર અને યુનિવર્સિટી ગુજરાતનું હિત

વિચારીને કામ કરવા માંગતા હોય અને ભવિષ્યમાં શિક્ષણનું સ્તર ઉપર લઈ જવું હોય તો પ્રવેશ પ્રક્રિયા યોગ્ય સમયે પૂર્ણ કરી, પૂર્ણ તાલીમ આપવાના પ્રયત્નો કરવા જોઈએ.

આજથી આઠ-દસ વર્ષ પહેલાં પ્રવેશ પ્રક્રિયા સમયસર પૂર્ણ થતી હતી. મોટાભાગે ૧૫ જૂનથી કોલેજો ચાલુ થઈ જતી હતી. આજે તો ઓનલાઈન પ્રવેશફોર્મ ભરાવા લાગ્યા, ઓનલાઈન પ્રવેશ આપવા લાગ્યા. શું ટેકનોલોજી વાપરવાથી પ્રવેશ પ્રક્રિયા ધીમી પડી છે ? જી ના. બીજા કારણો છે. જેમાં મુખ્ય કારણ યુનિવર્સિટી કક્ષાએ સેમેસ્ટર સિસ્ટિમ આવવાને કારણે, તેનાથી ટેવાયેલા નહીં હોવાને કારણે, સેમેસ્ટરનું સંપૂર્ણ આયોજન કરવાની અણઆવડતને કારણે ઘણાં વહીવટી પ્રશ્નો ઊભા થયા છે. આ વહીવટને પહોંચી વળવા શિક્ષણનો ભોગ લેવાનું આપણ બધાને ફાવી ગયું છે અને આવડી પણ ગયું છે. હકીકતમાં શિક્ષણ આધારિત વહીવટ હોવો જોઈએ એના બદલે વહીવટ આધારિત શિક્ષણ થઈ ગયું છે. દોષના ટોપલા એકબીજા પર ઢોળીએ છીએ. કોઈને પૂછીએ કે, પ્રવેશ પ્રક્રિયા મોડી કેમ શરૂ થઈ ? તો કહે છે કે, પ્રવેશ માટે જરૂરી પરીક્ષાના પરીણામો જ સમયસર નહોતા આવ્યા. પરીણામવાળાને પૂછીએ તો કહેશે કે, પેપર તપાસવા પૂરતા અધ્યાપકો જ નહોતા. બીજા કારણો જોઈએ તો બે સત્રને કારણે યુનિવર્સિટી પર વહીવટી ભારણ વધી ગયું. માનવીય અને ભૌતિક સુવિધા એટલી જ રહી. જેની અસર સ્વાભાવિક છે કે, સમયગાળા અને ગુણવત્તા પર થવા લાગી.

બી.એડ્. માં ૮૦ ટકા જૂના વિદ્યાર્થીઓ એટલે કે આગલા વર્ષે પાસ થયેલા હોય તેમને પ્રવેશ આપવામાં આવે છે. છતાં પણ પ્રવેશની એવી નીતિ કે નિર્ણય છે કે જેને કારણે તેવા વિદ્યાર્થીઓ પણ મોટાભાગે ઓગસ્ટ માસથી જ ભણી શકે છે. યુનવિર્સિટીના આ નિર્ણય કે નીતિ પાછળનું કારણ હજુ પણ નથી મળતું કે નથી સમજાતું. આજે કેન્દ્રીયકૃત પ્રવેશ આપવામાં આવે છે, તેની કોઈ જરૂર જ નથી. કારણ કે આવી પદ્ધતિ ત્યારે જ હોય  જ્યારે એડમિશન લેનાર વિદ્યાર્થીની સંખ્યા વધારે હોય અને બેઠકો ઓછી હોય. માત્ર ગ્રાન્ટેડ કોલેજોમાં જૂના વિદ્યાર્થીઓને કેન્દ્રીયકૃત પ્રવેશ મે માસમાં આપી જૂનમાં શૈક્ષણિક કાર્ય શરૂ કરવું. નવા ૨૦ ટકા વિદ્યાર્થીઓ પરિણામ પછી બે-ચાર દિવસમાં પોતાની રીતે ઇચ્છે તે કોલેજમાં સીધો પ્રવેશ મેળવી લે. ૨૦ ટકા નવા વિદ્યાર્થી માટે પ્રવેશ ઓપન કરી દેવો જોઈએ. આમ કરતાં જૂના ૮૦ ટકા વિદ્યાર્થીઓને તો કામ કરવાના પૂરા દિવસો મળે. આ વર્ષે બી.એડ્. કોલેજોમાં પ્રથમસત્રમાં કાર્યદિવસ કે શૈક્ષણિકકાર્ય પૂર્ણ નહીં જ થાય. તે અંગે પૃચ્છા કરતાં જાણવા મળ્યું કે, યુનિવર્સિટી કોલેજોને પરિપત્ર કરવાની છે કે, રજાઓ અને દીવાળી વેકેશનનો ઉપયોગ કરીને બીજા ૨૦ દિવસ કોલેજોએ વધારવા. આવા પરિપત્રો ભૂતકાળમાં થયા છે, પણ અમલ ક્યારેય થયો નથી.

અંતે શિક્ષણના નિર્ણય લેનારને જો ઉપરોક્ત વાતમાં તથ્ય લાગતું હોય, શિક્ષણને બચાવવા માંગતા હોય અને સારા શિક્ષકો પેદા કરવામાં સહભાગી થવા માંગતા હોય તો પ્રવેશ પ્રક્રિયા સમયસર પૂર્ણ થાય અને તાલીમાર્થીઓને સંપૂર્ણ તાલીમ મળે તેવી નીતિ ઘડવી અત્યંત જરૂરી છે.